# ઉત્તર ભારતમાં પુનઃ હિમવર્ષા



## જમ્મુકાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં ફરીથી હિમવર્ષા : મેદાનીભાગોમાં પણ પારો બે-ત્રણ ડિગ્રી સુધી ઘટ્યો

### ઉંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા અને મેદાની ભાગોમાં વરસાદના કારણે એકાએક ઠંડીમાં તીવ્ર વધારો નોંધાયો

નવી દિલ્હી,તા. ૧૫

ઉત્તરભારતમાં પણ તીવ્ર ઠંડીનું મોજું જોવા મળી રહ્યું છે. એકબાજુ હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ કાશ્મીરના વિવિધ ભાગોમાં વરસાદ અને હિમવર્ષા થઈ છે. બીજીબાજુ પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશના ઘણા ભાગોમાં વરસાદી ઝાપટા પડ્યા છે જેના કારણે તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. લઘુત્તમ તાપમાન ઘણી જગ્યાએ ખૂબ નીજે પહોંચ્યું છે. રાજસ્થાનના કેટલાક ભાગોમાં તાપમાન બેથી ત્રણ ડિગ્રી ઘટ્યું છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં હિમવર્ષાના કારણે ચારેયબાજુ બરફની ચાદર છવાઈ ગઈ છે. તાપમાન ૧થી ૫ ડિગ્રી નોંધાયું છે. કાશ્મીરમાં ઘણી જગ્યાએ માઈનસમાં તાપમાન થયું છે. પટણાથી પ્રાપ્ત અહેવાલ મુજબ બિહારમાં પણ તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. આગામી સોમવારથી ઘણી સ્કુલોમાં રજા જાહેર કરાય તેવી શક્યતા છે. ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રહેતા લોકો ઠંડા પવનોના કારણે પરેશાન છે. ગયા જિલ્લામાં ૮.૨ ડિગ્રી તાપમાન રહ્યું છે.


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


જવાનીમાં જે માણસે માત્ર પૈસાની જ દોસ્તી કરી છે એ માણસ બુઢાપામાં વધારે એકલો પડી જાય છે

- ચંદ્રકાન્ત બક્ષી


Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૭૩ | ૧૬ ડિસેમ્બર, ૨૦૧૪, મંગળવાર ; માગશર વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ગાંધીનગરમાં કાતિલ ઠંડી : પારો ૬ ડિગ્રી

## માત્ર ૨૪ કલાકમાં અઢી ડીગ્રી પારો ગગડયો : ત્રણ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૯ ડીગ્રીની ગીરાવટ : હાડ થીજવતી ઠંડીમાં શહેર સુમસામ બન્યુ

ગાંધીનગર, તા.૧૫

છેલ્લા બે દિવસમાં વાતાવરણમાં જબરજસ્ત ફેરફાર થયો છે અને માત્ર બે દિવસમાં જ લઘુત્તમ તાપમાનમાં ભારે ગીરાવટ આવી છે. ગઈ રાત્રે ગાંધીનગરમાં મોસમની વિક્રમી ઠંડી નોંધાઈ હતી. લઘુત્તમ તાપમાન ૬ ડિગ્રી જેટલું થઈ જતાં શહેરના જનજીવન પર તેની સીધી અસર જોવામળી રહી છે.

હાડ થીજવતી ઠંડીનો અનુભવ ગાંધીનગરાઓ છેલ્લા બે દિવસથી કરી રહ્યા છે. તેમાંય રવિવારની રાત્રે કાતિલ ઠંડીનો અનુભવ ગાંધીનગરમાં થયો હતો. મોડી રાત્રે તાપમાનનો પારો ૬ ડિગ્રી સુધી ગગડતા વસાહતી આકરી ઠંડીમાં ઠુંઠવાયા હતા. આગલા દિવસે લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રીએ પહોંચ્યું હતું.જેની અસર દિવસે પણ જોવા મળી હતી. દિવસે પણ સ્વટેર પહેરીને ફરવું પડે તેવી ઠંડી અનુભવાતી હતી. સાંજ પડતા જ તીવ્ર ઠંડીનો અનુભવ થવા લાગ્યો હતો. વસાહતીઓ સાંજ પડતા જ ઘરમાં પુરાઈ ગયા હતા.

સાંજે ૬ વાગ્યા પછીથી બજારોમાં ભીડ ઓછી થવા લાગી હતી. વેપારીઓ પણ દુકાનો સવેળા બંધ કરી ઘર ભેગા થઈ ગયા હતા. એકલ દોકલ વાહનચાલકો જે રસ્તા



(તસવીર : દિપક જાની)

પર નજરે પડતા હતા તેઓ પણ સ્વટેર, જેકેટમા લપેટાઈને જતાં જોવા મળતા હતા બે દિવસથી પડી રહેલી ઠંડીના કારણે ગરમ વસ્ત્રોનું વેચાણ ખુબ વધી ગયુ છે. ગરમ વસ્ત્રોના બજારોમાં સોમવારે સવારથી જ ભીડ જોવા મળી હતી. રાત્રે લઘુત્તમ તાપમાન ૬ ડિગ્રીએ પહોંચ્યા બાદ સોમવારે દિવસ દરમિયાન સતત ઠંડો પવન ફુંકાયો હતો. તડકામાં ઉભા રહો તો પણ ઠંડી લાગે તેવું વાતાવરણ સર્જાયું હતું. ચાની લારીઓ પર આખો દિવસ ભીડ જોવા મળી હતી. ચાની ગરમાગરમ ચુસ્કીઓ દ્વારા સૌ કોઈ

● અનુસંધાન પાન-૭ પર

### ક્યાં-કેટલું તાપમાન...

| સ્થળ | લઘુત્તમ તાપમાન |
|---|---|
| નલિયા | ૫.૦ |
| ગાંધીનગર | ૬.૦ |
| ડિસા | ૭.૩ |
| અમદાવાદ | ૭.૪ |
| દિવ | ૭.૬ |
| રાજકોટ | ૮.૦ |
| કંડલાએરપોર્ટ | ૯.૦ |
| વડોદરા | ૯.૪ |
| વલસાડ | ૧૦.૧ |
| ભુજ | ૧૦.૪ |
| અમરેલી | ૧૦.૬ |
| સુરત | ૧૨.૪ |




કિસાન સંઘની રેલી - દેશ કે હમ ભંડાર ભરેંગે, લેકિન કિંમત પુરી લેંગે... કિસાન સંઘની રેલીમાં સુત્રોચ્ચારમાં આ સુત્રનો ઉપયોગ વ્યાપક રીતે થયો છે... કપાસના પોષણક્ષમ ભાવો અને કિસાન સમસ્યાઓ ઉકેલવાની માંગણીઓ સાથે અમદાવાદ ખાતે યોજાયેલી રેલીમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટ્યા હતા. ખેતપેદાશોની પડતર કિંમત નક્કી કરી તેના પર ખેડૂતોનો નફો ચડાવી ટેકાના ભાવ નિયત કરવા જોઈએ. સિંચાઈની સુવિધા તમામ ખેડૂતોને ફરજીયાત સમાનદરથી આપવાની ઉગ્ર માંગણી કિસાન રેલીમાં કરાઈ હતી. આ ઉપરાંત ખેતભેલાણ કરતાં જંગલી પ્રાણીઓને પકડી લેવા સભામાં રજૂઆત કરાઈ હતી.

# ખેડૂતો માટે ૧૧૦૦ કરોડનું પેકેજ

## ખેડૂતોએ સહકારી બેંકો અને રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી મેળવેલ ટૂંકાગાળાના પાક ધિરાણના વ્યાજમાં ૫૦ ટકા સહાય પેટે રૂપિયા ૬૦૦ કરોડ રાજ્ય સરકાર ચૂકવશે : વીજ જોડાણના બીલોમાં ૫૦ ટકા રાહત : રૂપિયા ૫૦૦ કરોડ રાજ્ય સરકાર વીજ બોર્ડને ખેડૂતો વતી ચુકવશે

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે આ વર્ષે કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરીને ગુજરાત રાજ્યના ખેડૂતો દ્વારા ખેત ઉત્પાદનાં વધારો કરવા ખેડૂતોને સિંચાઈ માટેનું વધુ પાણી મળે અને નર્મદા યોજનાનું કામ ઝડપથી આગળ વધે. પુરતી વીજળી મળે, ઉત્તમ બિયારણ મળે, ખેડૂતોના ઉત્પાદન વેચવા માટે માર્કેટ યોર્ડમાં વધુ સારી વ્યવસ્થા ઉપલબ્ધ થાય તથા ખેડૂતોના ઉત્પાદનોના સંગ્રહ માટે ગોડાઉનોની સુવિધા ઉપલબ્ધ થાય. ગુજરાતના પશુપાલકો વધુ દૂધ ઉત્પાદન મેળવી શકે અને દૂધ સહકારી મંડળીઓ દ્વારા યોગ્ય અને વાજબી સગવડો વધે અને યોગ્ય ભાવો મળે તે માટે સઘન આયોજનો કરીને રાજ્ય સરકારે આ માટે બજેટમાં અનેકગણી જોગવાઈ કરી છે. ગુજરાતનો કૃષિ વિકાસ દર સમગ્ર દેશમાં સૌથી ઉંચો છે તેમાં હજુ પણ વધારો થાય અને ગુજરાતનો ખેડૂત વધુ સમૃદ્ધ અને પ્રગતિશીલ બને તે માટે રાજ્ય સરકાર દ્વારા સતત અને સઘન પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકારની પ્રોત્સાહન નીતિના કારણે તેમજ ખેડૂતોની મહેનતના કારણે આ વર્ષે ગુજરાતમાં કપાસ સહિતના પાકોનું વિપુલ માત્રામાં ઉત્પાદન થયેલ છે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાજ્યના કપાસ સહિત અન્ય પાકોના ઉત્પાદનને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે કિસાનલક્ષી નિર્ણય કરીને ખેડૂતો માટે સહાય પેકેજ જાહેર કર્યું છે જે અંતર્ગત અંદાજે રૂપિયા એક હજાર એકસો કરોડની સહાય ખેડૂતોને આપવામાં આવશે.

આ પેકેજની વિગતો આપતાં મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શ્રી બાબુભાઈ બોખીરીયાએ ઉમેર્યું હતું કે, ભારત સરકાર દ્વારા નક્કી કરેલવ પાકના ટેકાના ભાવે ખરીદી કરવાની વ્યવસ્થા ગુજરાતમાં અમલમાં છે. તેમ છતાં ગુજરાતમાં મોટા પ્રમાણમાં થયેલ કૃષિ ઉત્પાદનના કારણે ખેડૂતોને ટેકાના ભાવ સિવાય બજારમાં કૃષિ ઉત્પાદન વેચવા માટે પ્રોત્સાહનો આપવા અને સહાય આપવાની રાજ્ય સરકારની હંમેશા નીતી રહીછે. ગુજરાતમાં આ

● અનુસંધાન પાન-૭ પર

# આજે મનપાના વે બ્રીજનું લોકાર્પણ

## પાંચ માસના ટુંકાગાળામાં ૧૫ લાખના ખર્ચે વે-બ્રીજ નિર્માણ કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત તેના વે બ્રીજનું આજે સવારે મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા તથા ચેરમેન શ્રી આશિષ દવેની ઉપસ્થિતિમાં લોકાર્પણ થશે.

ચિલોડા સર્કલ નજીક પાંચ માસના ટુંકાગાળામાં આ વે બ્રીજ તૈયાર કરવામાં આવેલ છે. રૂ. ૧૫ લાખના ખર્ચે મનપા દ્વારા આ વે બ્રીજ બનાવવામાં આવ્યો છે.

૫૦ ટનની ક્ષમતા ધરાવતો આ વે બ્રીજ સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ છે. અત્યંત આધુનિક ટેકનોલોજીથી સુસજ્જ આ વે બ્રીજ આમ તો કોર્પોરેશનને પોતાના ઉપીયોગ માટે વિશેષ બનાવ્યો છે. પરંતુ ખાનગી એજન્સીઓને પણ તેનો લાભ દર વસુલીને આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ વે બ્રીજનું નિર્માણ થતાં કચરાના નિકાલનું સ્પષ્ટ વજન ઉપલબ્ધ બનશે. વે બ્રીજ બનાવવા માટે બજેટમાં જોગવાઈ કરવામાં આવી હતી. શરૂઆતમાં આ માટે જમીનને લઈ વિવાદ હતો પરંતુ પાછળથી તેનો ઉકેલ આવતાં ૨જી ઓગસ્ટે ૨૦૧૪માં તેનું વિધિવત્ ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧


# ૫ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામો માટે સફાઈવેરાના નવા દર

## દૈનિક રૂ. ૧ ના દરે સફાઈવેરો વસુલ કરવાના આદેશો : સફાઈ વેરાની નબળી વસુલાત

ગાંધીનગર, તા. ૧૫

૫ હજારથી વધુ વસ્તી ધરાવતા ગ્રામ્ય વિસ્તારમાં માસિક રૂ. ૩૦ સફાઈ વેરો વસુલ કરાશે.

રાજય સરકારે સ્વચ્છતા અભિયાનના પ્રથમ તબક્કામાં પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોમાં ડોર ટુ ડોર કલેક્શન સહિતની સુવિધાઓ સાથે હાથ ધરવાનો નિર્ણય કર્યો હતો. આ પછી તાજેતરમાં વિકાસ કમિશનરની કચેરીએ સ્વચ્છતા અભિયાન પેટે વિશેષ માર્ગદર્શન આપતાં ઘરદીઠ રૂ. એકની વસુલાત સફાઈનો દૈનિક ધોરણે કરવા સૂચવ્યું છે.

જિલ્લામાં ૬૭ ગામોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ ગામોમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગ્રામ સમિતિની રચના કરાઈ છે. તેમજ અલગથી બેંક એકાઉન્ટસ્ સફાઈ માટે ખોલવાની તાકીદ કરાયેલી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સામાન્યતઃ ૩૦ રૂ. વાર્ષિક સફાઈ વેરો વસુલવામાં આવતો હતો હવે દૈનિક રૂ. એકની વસુલાત ઘરદીઠ કરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે સફાઈવેરાની વસુલાતમાંથી સફાઈ કામદારનો પગાર ખર્ચ તેમજ સાધનોની નિભાવણી અને જાળવણીનો ખર્ચ કરવાનો રહેશે.

જિલ્લામાં સફાઈવેરાની નબળી વસુલાત પણ રહેતી હોવાની ફરિયાદને તંત્રવાહકોએ ધ્યાને લીધી નથી. સફાઈવેરાના નવા દર હવે પછી લાગુ કરાશે. આજે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સ્વચ્છતા અભિયાનની યોજેલી સમીક્ષા બેઠકમાં આ નવા દર લાગુ કરવાની વાત રજુ કરી હતી. અગાઉ કેટલીક પંચાયતોએ સફાઈવેરાના દર સુધારણા માટે રજુઆતો કરી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ૬૭ પૈકી ૧૦ જેટલા ગામોમાં હાલ વાર્ષિક રૂ. ૧૫૦ જેટલો વેરો વસુલવામાં આવે છે. પરંતુ હવે આ સફાઈવેરાના નવા દર વસુલવામાં આવશે. સફાઈવેરાના દર આ નવો દર અમલી બનતાં સામ્યતા ઉભી થશે તેવું તંત્રના અધિકારીઓ માની રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં આગામી દિવસોમાં સફાઈ અભિયાન સઘન રીતે હાથ ધરાશે ત્યારે આ નવા દરનો વિરોધ થાય છે કે કેમ ? તો જોવાશે તેમ તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# ગાંધીનગર બ્રહ્મસમાજનું ગૌરવ



ગાંધીનગર સેક્ટર-૨૩ ખાતે આવેલ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સ્કૂલમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ચતુર્થ સેમેસ્ટરમાં અભ્યાસ કરતી ઝંકૃતિ મહેતાએ ચાલુ વર્ષે ઓક્ટોબર-૨૦૧૪માં લેવાયેલ તૃતિય સેમેસ્ટરની પરીક્ષામાં ઉત્તમ ગુણ સાથે ઝળહળતી સફળતા મેળવેલ છે. તે બદલ ખૂબ ખૂબ અભિનંદન. ચિ. ઝંકૃતિએ ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનના વિષયોમાં પૂરેપૂરા એટલે કે ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવેલ છે અને જીવ વિજ્ઞાનના વિષયમાં ૯૭ ગુણ પ્રાપ્ત કરેલ છે. તથા ૯૯.૯૮ પરસન્ટાઈલ રેન્ક સાથે રાજ્યમાં અવ્વલ સ્થાન પ્રાપ્ત કરેલ છે. ઝંકૃતિએ મેળવેલ સિદ્ધિમાં તેના માતા-પિતા તથા ગુરૂજનોનો બહોળો ફાળો છે. માતા શ્રીમતી તૃપ્તિબેન અંગ્રેજી વિષયના વ્યાખ્યાતા તરીકે કોમર્સ કોલેજ કલોલ ખાતે તથા પિતા શ્રી બી. સી. મહેતા, માનનીય મંત્રીશ્રી (ઊર્જા)ના કાર્યાલયમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવે છે. ઝંકૃતિએ મેળવેલ સિદ્ધિમાં તેની ખંત, ધગશ અને જહેમત તથા માતા-પિતા અને ગુરૂજનોનો બહોળો ફાળો છે. આ સર્વોત્તમ સિદ્ધિ બદલ...

**ચિ. ઝંકૃતિને ખૂબ ખૂબ અભિનંદન...**